# જીમેઈલના નવા અપડેટથી યુઝર એક્સપિરિયન્સ બદલાશે

ટેક-ટોક

★ આનંદ ગાંધી

તમે દરરોજ મેઈલ જોતાં હશો. મેઈલ આઈડી વગરનો એકેય મોબાઈલ ઓપરેટ કરી શકાતો નથી. કારણ કે એપ્સ ડાઉનલોડ કરવી હોય તો પણ મેઈલ આઈડીની જરૂર પડે છે.

તમને ખબર છે? જીમેઈલ વિશ્વનું સૌથી મોટું મેઈલ પ્રોવાઈડર છે. એના યુઝર્સ 200 કરોડ જેટલા છે. એક્ટિવ યુઝર્સ જ 180 કરોડથી વધારે છે. જીમેઈલની ફિલ્ટરની પદ્ધતિથી લઈને ઓટો ગ્રામરચેકર જેવું ઘણું બધું એવું છે જેનાથી ગૂગલની આ મેઈલ સર્વિસનો કોઈ મુકાબલો નથી.

તમે જાણો છો? આ મહિને એપ્રિલમાં ગૂગલના જીમેઈલને 22 વર્ષ થયાં. બે દશકાથી જીમેઈલનો કોઈ મજબૂત વિકલ્પ બન્યો નથી. મેઈલ પ્રોવાઈડર્સમાં જીમેઈલની મોનોપોલી છે. દરેક યુઝરને 15 જીબીનું સ્ટોરેજ મળે છે. એમાં ગૂગલ ડ્રાઈવની સુવિધા લઈ શકાય છે. ગૂગલ ફોટોનો એક્સેસ પણ જીમેઈલથી મેળવી શકાય છે. કોમર્શિયલ વાતચીતમાં જીમેઈલનો ઉપયોગ થાય છે અને પ્રોફેશ્નાલિઝમનો એ ભાગ છે.

આવા ગૂગલમાં લેટેસ્ટ જે અપડેટ્સ આવ્યા છે તેના કારણે યુઝર્સને વધારે સરળતા રહેશે. મેઈલ લખવામાં જેમિનાઈ ટૂલ ઉમેરાયું હતું ને મેઈલ ફિલ્ટર કરવામાં પણ જેમિનાઈ યુઝર્સને મદદ કરે છે. જેમિનાઈ પ્રો ધરાવતા યુઝર્સને વળી ગૂગલ 2 ટીબી સુધીની સ્પેસ આપે છે, તેના કારણે પણ જીમેઈલમાં ઉપયોગી સ્ટોરેજ શક્ય બન્યું છે.

એ બધું તો હતું જ, હવે ઉમેરાયું છે એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્શાન. અત્યાર સુધી સોશિયલ મીડિયામાં મેસેજ માટે આ સર્વિસ મળતી હતી. હવે જીમેઈલમાં પણ તમે મોકલેલો મેઈલ સુરક્ષિત બન્યો છે. એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્શાનની સર્વિસ એવી છે કે જેમને તમે મોકલો છો એ જ તમે મોકલેલો મેઈલ વાંચી શકશે. એ સિવાય કોઈ પણ સ્થળે એ હેક કરીને પણ વાંચી નહીં શકાય કે ડેટા સેન્ટર્સમાં પણ એને ડિકોડ નહીં કરી શકાય. અત્યાર સુધી સેન્સિટિવ ઈમેલ મોકલવા માટે સિક્યુરિટી લેયરનો અલગ સોફ્ટવેર એડ કરવો પડતો હતો અથવા તો જુદી વેબસાઈટનું એક્સટેન્શન લેવું પડતું હતું. પરંતુ હવે આ ડિજિટલ લોક માત્ર એક ક્લિકથી થઈ જશે. લોક આઈકન પર જઈને એડિશ્નલ એન્ક્રિપ્શાનનો ઓપ્શાન પસંદ કરવાથી મેઈલ એન્ક્રિપ્ટ થઈ જશે.

જીમેઈલમાં બીજું એક ધમાકેદાર ફીચર આવી રહ્યું છે, જેની તો કેટલાય સમયથી ડિમાન્ડ હતી. આમ તો આવી ગયું છે એમ કહીએ તો ખોટું નથી, પરંતુ ભારતમાં હજુ આવ્યું નથી. અમેરિકન યુઝર્સ પણ તેનો પ્રયોગ થઈ રહ્યો છે. એ છે નામ બદલવાની સ્વતંત્રતા. જેમ સોશિયલ મીડિયામાં ને વોટ્સએપમાં યુઝરનેમ ચેન્જ કરી શકાય છે એમ જ જીમેઈલમાં એક્સટેન્શન પહેલાં એટલે કે જીમેઈલ ડોટ કોમ પહેલાં તમારું જે નામ હશે એ તમે અપડેટ કરી શકશો. જીમેઈલમાં ડિજિટલ ઓળખને અપગ્રેડ કરવાની માગણી લાંબા સમયથી ચાલતી હતી. ઘણા લોકોને સત્તાવાર રીતે પોતાનું નામ જોઈતું હોય પણ થાય એવું કે તેમણે જે નામ રાખી લીધું હોય એ બદલી શકાય નહીં અને નવું મેઈલ આઈડી બદલવાથી વળી નવેસરથી બધાને એ આપવું પડે. તેમના માટે આ બહુ જ અસરકારક બની રહેશે. જોકે, આ સુવિધામાં થોડી મુશ્કેલી પડી રહી છે. કોમન નામ હશે તેમને બદલવાનું કામ આસાન નથી.




**133 ભાષાઓમાં અવેલેબલ ગૂગલની જીમેઈલ સર્વિસના 200 કરોડ યુઝર્સ છે. હવે ગૂગલે એઆઈ ટૂલ ઉમેરીને જીમેઈલને અપડેટ કર્યું છે. એક એવી સર્વિસ પણ ઉમેરી છે, જેની કેટલાય સમયથી રાહ હતી**

એટલે ગૂગલે એનો રસ્તો કાઢીને એ નામથી નવું જીમેઈલ ઓપન કરીને જૂનાને તેની સાથે જોડવાની સર્વિસ ઉમેરી છે. તેનાથી આઈડી બદલ્યા વગર કામ થઈ શકશે. ડેટા પણ સુરક્ષિત રહેશે.

સ્નૂઝ ફીચર પણ બહુ કામનું છે. તમે રવિવારે કોઈ જીમેઈલ રીસિવ કરવા માંગતા નથી અને એ બધા જ મેઈલ સોમવારે જોવા ધારો છો તો તમારે એ સ્નૂઝ ફીચર પસંદ કરીને સમય કહેવાનો રહેશે. તમે કહેશો એ જ સમયે બધા જીમેઈલ તમને મળશે. આ ફીચર એટલે કામનું છે કે ઘણી વખત જીમેઈલના બિનજરૂરી નોટિફિકેશન તમને પરેશાન કરતા હોય છે. તમારે ઓફિસને લગતા કે બીજા અમુક જવાબો આપવા નથી છતાં જીમેઈલ આવી જાય છે. તમે એમ વિચાર્યું હોય કે શનિ-રવિ કોઈ ઈમેઈલ ન આવે એ બધા સોમવારે 11 વાગ્યે મળે તો જોઈ શકાય ને કોઈ જરૂરી મેઈલ આવેલો મિસ પણ ન થઈ જાય. તો આ ફીચર ઉપયોગી સાબિત થશે.

---

## દાનિસ્તા હમને અપને સભી ગ઼મ છુપા લિયે
## પૂછા કિસીને હાલ તો બસ મુસ્કુરા દિયે

**- આફ઼ાક઼ સિદ્દીક઼ી**

કેફિયત

★ હનીફ મહેરી

જાણી જોઈને અમે અમારાં બધાં દુઃખને સંતાડી લીધાં, પૂછ્યા કોઈએ જો હાલ તો બસ સ્મિત આપી દીધું. તમારા દર્દ, તમારી પીડામાં બીજાને કોઈ રસ હોતો નથી. તમારાં દુઃખ બીજાની સામે કહેવાથી કોઈ જ ફરક પડતો નથી. તેથી કોઈ પૂછે ત્યારે એ કયા સંદર્ભમાં વાત કરે છે તે પહેલાં સમજવી જોઈએ. ઘણી વ્યક્તિ ખાલી ખાલી પણ તમારા હાલ જાણવા પૂછતા હોય ત્યારે તેને જવાબ આપવાને બદલે મંદ હાસ્ય(મુસ્કરા)થી ઉત્તર આપવો જ યોગ્ય ગણાય. આપણાં દુઃખને છુપાવી રાખો તો બહેતર રહે. જો કોઈ સાચો મિત્ર કે હમદર્દ હોય ત્યારે દિલ ખોલીને તેની સાથે વાત થાય પરંતુ જ્યારે તમને ડગલે ને પગલે એવી વ્યક્તિઓ જ મળે જેને તમારાં દુઃખ સાંભળીને તમને દિલાસો પણ આપવામાં રસ નથી. તેવા લોકો સામે દિલ ખોલવાનો કોઈ મતલબ રહેતો નથી. તેવા લોકોથી આપણા ગમને સંતાડી રાખવા જ બહેતર છે. તેવા લોકોના સવાલની સામે એક સ્મિત આપી દો એટલે એ સમજી જાય. અહીં શાયરે જાણી જોઈને(દાનિસ્તા) શબ્દને ખૂબ કટાક્ષ સાથે ભારપૂર્વક મૂક્યો છે. દાનિસ્તા એ ફારસી ક્રીયાવિશેષણ છે. જ્યારે તમારે કોઈને કોઈ વાતનો ખુલાસો નહીં કરવો હોય ત્યારે તમારે મૌન રહેવું જ બહેતર છે. જ્યારે સવાલ કરનારાની નિયત બરાબર નહીં હોય ત્યારે જવાબમાં સ્મિત આપીને મૌન રહેવું સૌથી શ્રેષ્ઠ રસ્તો છે. સ્મિતનાં પણ ઘણાં રૂપ છે. જો પ્રેમથી સ્મિત આપો તો તેનો અર્થ બદલાય જાય છે પરંતુ જવાબ નહીં આપવા માટે મૌન રહીને સ્મિત આપો તો તેનો અર્થ અલગ હોય છે. અહીં મંદ હાસ્ય એક રીતે કટાક્ષમાં જવાબ નહીં આપવા માટે અપાયું હોય છે. જ્યારે પ્રિયજન કે તમારા મિત્રને સ્મિત આપો તો એ સ્મિત સામે વાળા સુધી જવાબ બનીને પહોંચી જાય છે. એ સ્મિતમાં હકારનો ભાવ છલકે છે. જાણી જોઈને અમે બધા જ ગમને સંતાડી લીધા. પૂછ્યા કોઈએ હાલ તો બસ સ્મિત આપી દીધું. ઘણી વાર મૌન પણ ઘણા સવાલોના જવાબ આપી દે છે.

